# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## B.Ed. પ્રવેશ પરીક્ષા : 2013

**સમય : 12.00થી02.30** **Form No.** | | | | | |

## : સૂચના :

આપને **150** વસ્તુલક્ષી (Objective) બહુવિકલ્પ પ્રશ્નો ધરાવતી પ્રશ્ન પુસ્તિકા તથા ઉત્તરપત્ર (OMR Sheet) આપવામાં આવેલ છે. આ પ્રશ્નપત્ર **A** અને **B** વિભાગમાં વહેંચાયેલું છે. પ્રશ્નપત્ર કુલ **2.30 કલાકનું** રહેશે. **વિભાગ A**માં એક એક ગુણના **100** પ્રશ્નો જે સૌને માટે સમાન તથા ફરજિયાત છે. અને **વિભાગ B**માં તમે પસંદ કરેલ કોઈ એક શાળાકીય વિષયના એક એક ગુણના **50** પ્રશ્નો છે. તેનો પ્રશ્નક્રમ **101** થી **150** રહેશે. **પાર્ટ–Bમાંથી** (Subject Competence) માંથી કોઈ એક વિષયની પરીક્ષા આપવાની રહેશે.

**પાર્ટ-B વિષયાંગો :** **(01)** ગુજરાતી (11 થી 14), **(02)** હિન્દી (15 થી 17), **(03)** અંગ્રેજી (18 થી 20),
**(04)** ગણિતશાસ્ત્ર (21 થી 24), **(05)** વિજ્ઞાન અને ટેકનોલોજી (25 થી 28),
**(06)** સામાજિક વિજ્ઞાન (29 થી 32), **(07)** સંસ્કૃત (33 થી 35)

**નીચેની સૂચનાઓ કાળજીપૂર્વક વાંચી ઉત્તરપત્રમાં વિગતો ભરો :**

**(1)** આપે આપનું સાચુ નામ, પિનકોડ સાથેનું સરનામું આપેલી ખાલીજગ્યામાં નોંધવાનું રહેશે. આપે બોલપેનથી ઉત્તરપત્ર પર આપના હસ્તાક્ષર અને તારીખ નોંધવાની રહેશે. ઉત્તરપત્ર પર આપેલી ખાલીજગ્યામાં નિરીક્ષકે હસ્તાક્ષર અને તારીખ નોંધેલા છે કે નહીં તે ચોકસાઈ કરી લેશો. ઉત્તરપત્રના ઉત્તરોમાં નિશાની કરવા માટે આપ માત્ર વાદળી/કાળી બોલપેનનો જ ઉપયોગ કરવાનો છે.

**(2)** સંખ્યાદર્શક અંકમાં આપે આપનો **પ્રવેશ ફોર્મ નંબર અને પરિક્ષાકેન્દ્રોનો કોડ નંબર દર્શાવવાનો રહેશે.** આ માટે આનુષંગિક O સંપૂર્ણપણે ભરાયેલો હોવો જોઈએ.

**(3)** દરેક પ્રશ્નની સાથે **ચાર** વિકલ્પો આપેલા છે. જેમના ક્રમ **A, B, C** અને **D** છે દરેક પ્રશ્નમાંથી આપ જેને સાચો વિકલ્પ માનતા હોય તેવા વિકલ્પ સૂચક ક્રમઅક્ષર ધરાવતા O ને વાદળી/કાળી બોલ પેન વડે સંપૂર્ણપણે ભરાયેલ હોવો જોઈએ.

**(4)** એક પ્રશ્નોના બે ઉત્તરો આપ્યા હશે તો કોઈ ગુણ મળશે નહિ તેથી એક જ યોગ્ય ઉત્તર પસંદ કરવાનો રહેશે.

**(5)** તમારે કોઈ એક પ્રશ્નની પાછળ વધુ સમય બગાડવો જોઈએ નહિ જો તમને કોઈ પ્રશ્ન અઘરો લાગે તો તેને છોડીને બીજા પ્રશ્ન તરફ ચાલ્યા જાઓ. બધા ઉત્તરો લખ્યા પછી જો સમય વધે તો પછી નહી આપેલ પ્રશ્નના ઉત્તર માટે પ્રયત્ન કરો.

**(6)** **કાચુ કામ (Rough Work) પ્રશ્નપત્રમાં જ કરવાનુ છે. કાચા કામ માટે અલગ કાગળનો ઉપયોગ કરવાનો નથી.**

**(7)** જો કોઈ ઉમેદવાર કોઈ પણ પ્રકારની ગેરરીતિ કરતો જણાશે તો ખંડ નિરીક્ષક તેને તરત જ પરીક્ષામાંથી ઉઠાડી મૂકશે તથા તે બી. એડ્. પ્રવેશ માટે ગેરલાયક ઠરશે.

**(8)** તમને એક વખત ઉત્તરપત્ર આપ્યા બાદ, પુનઃ નવું ઉત્તરપત્ર મળશે નહીં તેથી તમારા ઉત્તરો કાળજીપૂર્વક નોંધશો.

**(9)** ઉત્તરપત્રમાં **Admissition form no., category code, subject code & Exame code** કાળજીપૂર્વક નોંધવા.

**પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્ર અને ઉત્તરપત્ર ખંડ નિરીક્ષકને પરત કરવાના રહેશે.**
**પ્રશ્નપત્ર જમા ન કરાવનાર પ્રવેશ માટે ગેરલાયક ઠરશે.**

# SPACE FOR ROUGH WORK



Contd….

# PART-A

## Q. No. 1 to 100

**Read the paragraph carefully and pick out the appropriate answer out of four choices in each question given as below:**

Srinivas Ramanujam was born in a lower middle class family. Because of poverty, he was not able to take higher education. He started working as a clerk in Madras Port Trust.

When he was young, Ramanujam showed signs of brilliance. He was merely thirteen when he calculated the length of the Equator. By the time he was 23 years old, he had solved a number of theorems. His notebooks were filled with complex calculations and formulas. Some mathematicians and scholars noticed this spark in young Ramanujam. They sent some of his works to their colleagues in the University of Cambridge, England.

Ramanujam was awarded a scholarship to go to reputed universities abroad. The Royal Society of England set aside all the rules of formal qualifications and made him a Member of their Society. However, at an extremely young age of 33 years, Ramanujam died of Tuberculosis. Prof. Julian Huxley paid a tribute to Ramanujam by calling him "the greatest Mathematician of the $20^{th}$ century".

1 Where did Ramanujam begin his job?
(A) Calcutta (B) Madras (C) Bombay (D) Delhi

2 At what age did Ramanujam calculate the length of the Equator?
(A) 12 (B) 14 (C) 16 (D) 13

3 What was provided to Ramanujam to study abroad?
(A) Loan (B) Money (C) Scholarship (D) Permission

4 ......... made Ramanujam a member of their society.
(A) Royal Society of England (B) Royal operative society of America
(C) Royal Harmonica Orchestra (D) Royal Society of Netherland

5 What did Prof. Huxley call to Ramanujam?
(A) The brilliant Mathematician of the $20^{th}$ century
(B) the greatest Mathematician of the $21^{st}$ century
(C) the greatest Mathematician of the $20^{th}$ century
(D) the cleverest Mathematician of the $21^{st}$ century

6 Ramanujam was good at .......................
(A) solving problems (B) complex calculations
(C) solving calculations (D) solving complex calculations and formulas

7 Ramanujam died due to .......................
(A) poverty (B) tuberculosis (C) heart attack (D) prolong illness

8 Ramanujam calculated ...............
(A) the length of the equator (B) the distance of the equator
(C) the latitude & the longitude (D) the size of the equator

9 Ramanujam could not take higher education because of ...........
(A) transfer (B) poverty (C) illness (D) none of these

10 Some Mathematicians sent Ramanujam's works to .................

(A) University of Cambridge (B) Madras University
(C) Oxford University (D) Michigan University

11 નીચે અક્ષર શ્રેણીમાં કેટલાંક અક્ષરો ખૂટે છે તો ખૂટતા અક્ષરો આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી પૂર્ણ કરો.

ba__b__aab__a__b

(A) abaa (B) abba (C) baab (D) babb

12 આપેલી શ્રેણીમાં એક સંખ્યા ખૂટે છે તો આપેલ વિકલ્પ માંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખૂટતી સંખ્યા જણાવો.

7, 15, 32, ___, 138, 281

(A) 57 (B) 67 (C) 36 (D) 87

13 જો DELHI = CCIDD હોય તો, BOMBAY = __________.

(A) AMJTVT (B) ANLXVS (C) ZMJXVS (D) AMIXVS

14 જો TAP = SZO તો, FREEZE = ?

(A) EQDFYG (B) ESDFYF (C) GQFDYF (D) EQDDYD

15 એક વ્યક્તિ પશ્ચિમ દિશામાં 12 Km જાય છે. પછી દક્ષિણ તરફ 3 Km જાય છે. ત્યાર બાદ પૂર્વ દિશામાં 8 Km જાય છે તો તે પ્રારંભના સ્થળથી કેટલી દૂર છે?

(A) 23 (B) 17 (C) 15 (D) 5

16 એક કુટુંબમાં 4 ભાઈ છે જેમના હજુ લગ્ન થયા નથી. દરેક ભાઈઓની એક બહેન છે તેમના માતા અને પિતા હયાત છે તો કુટુંબમાં કેટલી મહિલાઓ હોય.

(A) 5 (B) 1 (C) 2 (D) 4

17 જો કાંડા ઘડિયાળમાં 5 કલાક અને 20 મિનિટ થઈ હોય તો, તેને અરીસામાં જોતા કેટલાં વાગ્યા હશે?

(A) 6:20 (B) 5:40 (C) 8:20 (D) 6:40

18 રમેશ સંતોષથી લાંબો છે, પરતું મનોજથી ટૂંકો છે. ગગન વિનયથી ટૂંકો છે, પરંતુ રમેશથી લાંબો છે તો આમા સૌથી ટૂંકો કોણ છે?

(A) રમેશ (B) સંતોષ (C) વિનય (D) ગગન

19 જો A=2, B=5, C=6 અને D=16 અને E=25 ધારવામાં આવે તો નીચેના સમીકરણનો જવાબ શું આવશે?

$D - C \div A + E \times B$

(A) 30 (B) 70 (C) 118 (D) 138

20 એક ટોપલીમાં દર બે મિનિટે ફૂલ બમણાં થઈ જાય છે. ટોપલી 20 મિનિટમાં ભરાઈ જાય છે. તો અર્ધી ટોપલી કેટલી મિનિટમાં ભરાશે?

(A) 10 (B) 14 (C) 16 (D) 18

21 1 લી જાન્યુઆરી 2013 નાં રોજ શનિવાર હોય તો, 31 ડિસેમ્બર 2013 ના રોજ કયો વાર આવશે?

(A) રવિવાર (B) શનિવાર (C) શુક્રવાર (D) સોમવાર

22 નીચેનામાંથી કયો વિકલ્પ અન્ય ત્રણથી જુદો પડે છે?

(A) એપ્રિલ (B) જુન (C) સપ્ટેમ્બર (D) મે

23 A એ B નાં પિતા છે અને B એ C નો ભાઈ છે પરંતુ C એ A નો પુત્ર નથી. તો C નો B સાથે શું સંબંધ છે?

(A) ભત્રીજો (B) ભાઈ (C) પિતરાઈ ભાઈ (D) બહેન

24 જો કોઈ સાંકેતિક ભાષામાં SISTER ને 535301 લખવામાં આવે, UNCLE ને 84670 લખવામાં આવે અને BOY ને 129 લખવામાં આવે તો SON ને કેમ લખાશે?

(A) 342 (B) 825 (C) 524 (D) 304

25 છોકરીઓની એક હરોળમાં કમલા આગળથી 11 મી છે નીલાનું સ્થાન સુમિતાના સ્થાનથી 2 સ્થાન પછી આવે છે જો આગળથી સુનિતાનું સ્થાન 22 મું હોય તો નીલા અને કમલા વચ્ચે કેટલી છોકરીઓ હશે?



Contd….

(A) 14 (B) 11 (C) 13 (D) 12

26 બહેન, માતા અને સ્ત્રી વચ્ચેનો સંબંધ નીચેનામાંથી કઈ વેન આકૃતિ દર્શાવે છે?

(A)  (B)  (C)  (D) 

27 જેવો સંબંધ વડાપ્રધાનનો રાષ્ટ્રપતિ સાથે છે તેવોજ સંબંધ રાજયના મુખ્યમંત્રીનો કોની સાથે હોય છે?

(A) રાજયપાલ (B) કેબિનેટ મંત્રી (C) મુખ્યન્યાયાધિશ (D) સંસદ સભ્ય

28 જો $5 \times 4 = 15$, $7 \times 8 = 49$, $6 \times 5 = 24$ હોય તો $8 \times 4 = ?$

(A) 24 (B) 32 (C) 28 (D) 64

29




→ ? જગ્યા પૂરો

(A) 4 (B) 17 (C) 9 (D) 12

30 ગાંધીનગર : ગુજરાત : : ગંગટોક : _________

(A) અરૂણાચલ પ્રદેશ (B) આસામ (C) સિક્કિમ (D) ત્રિપુરા

31 અસરકારક અને સફળ શિક્ષણ માટે સૌથી મહત્વની બાબત છે ............

(A) શકય તેટલો કાળા પાટિયાનો ઉપયોગ કરવો

(B) વિદ્યાર્થીઓને વધુમાં વધુ ‘નોટ્સ’ લખાવવી

(C) વ્યવહારૂ ઉદાહરણોથી વિષયોનો વિચાર વિસ્તાર કરવો

(D) શકય તેટલો સાહિત્યિક ભાષાનો પ્રયોગ કરવો

32 સફળ શિક્ષકનું સૌથી અગત્યનું લક્ષણ છે..............

(A) આદર્શ અને વિદ્વતાપૂર્ણ વ્યકિતત્વ (B) પોતાની વિદ્વતાનો વિદ્યાર્થીઓ પર પ્રભાવ

(C) અધ્યયન કાર્યમાં આનંદ આવવો (D) અધ્યયન વખતે ગાંભીર્ય

33 સૌહાર્દપૂર્ણ સામાજિક સંબંધો જાળવવા શિક્ષકે શું કરવું જોઈએ?

(A) લોકતાંત્રિક મૂલ્યો પર ભાર આપવો જોઈએ (B) ભાગવત મૂલ્યો પર ભાર આપવો જોઈએ

(C) શારીરિક મૂલ્યો પર ભાર આપવો જોઈએ (D) બૌદ્ધિક મૂલ્યો પર ભાર આપવો જોઈએ

34 યુનો કયા વર્ષને આંતરરાષ્ટ્રીય બાળવર્ષ તરીકે જાહેર કર્યું હતું?

(A) 1975 (B) 1981 (C) 1979 (D) 1983

35 ગુજરાતમાં સૌપ્રથમ આશ્રમશાળા કયા જિલ્લામાં શરૂ થઈ હતી?

(A) સુરત (B) ડાંગ (C) અમરેલી (D) પંચમહાલ

36 કોઠારી કમિશન કઈ સાલમાં નિમાયું હતુ?

(A) ઈ.સ.1966 (B) ઈ.સ.1969 (C) ઈ.સ.1965 (D) ઈ.સ.1964

37 વિકલાંગ બાળકો માટે શિક્ષક વિદ્યાર્થી પ્રમાણ કેટલું રાખવામાં આવ્યું છે?

(A) 1:12 (B) 1:10 (C) 1:16 (D) 1:15

38 શિક્ષણને મૂળભૂત અધિકારમાં સમાવવાની જોગવાઈ બંધારણની કઈ કલમમાં કરવામાં આવી છે?

(A) 21 - સી (B) 21 – ક્ષ (C) 21 – એ (D) 21 – બી

39 આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ કયારે મનાવવામાં આવે છે?

(A) 8 સપ્ટેમ્બર (B) 5 સપ્ટેમ્બર (C) 16 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર

40 વર્ગકાર્ય કૌશલ્યોના મુખ્ય અંગો કયા છે?

(A) વર્ગ વ્યવસ્થાપન (B) વર્ગ શિક્ષણકાર્ય (C) મૂલ્યાંકન (D) ઉપરના બધા

41 યુ.જી.સી.ની સ્થાપના કરવાની ભલામણ કઈ સમિતિએ કરી હતી?

(A) હોર્ટગ સમિતિ (B) સાર્જન્ટ સમિતિ (C) ઈશ્વરભાઈ સમિતિ (D) હંસાબેન મહેતા સમિતિ

42 શિક્ષણ અંગેની નીતિ ઘડવામાં સચિવાલય કોની સાથે પ્રત્યક્ષ જોડાયેલી છે?

(A) માધ્યમિક શિક્ષણ બોર્ડ (B) જી.સી.ઈ.આર.ટી. (C) DIET (D) ઉપરના બધા

43 નીચેના વર્ષ અને શિક્ષણ આયોગના જોડકાનો યોગ્ય ક્રમ પસંદ કરો.

| | |
|---|---|
| (A) 1948 | (1) કોઠારી કમિશન |
| (B) 1952 | (2) NCERT દસ્તાવેજ ઉ.મા.શિક્ષણ અને વ્યાવસાયિક |
| (C) 1964-64 | (3) રાધાકૃષ્ણન કમિશન |
| (D) 1976 | (4) મૃદલીયાર કમિશન |

| | A | B | C | D |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 3 | 2 | 4 | 1 |

44 GCERT દ્વારા પ્રકાશિત થતું મેગેઝિન જીવનશિક્ષણનું મૂળ સ્વરૂપ હતું?

(A) ગતિશીલ શિક્ષણ (B) વિદ્યાર્થી પત્ર (C) શાળા પત્ર (D) શિક્ષકની દશા

45 બાળકને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009 માં યોગ્ય સરકારની ફરજો કઈ છે?

(A) દરેક બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ પૂરું પાડશે

(B) શિક્ષકોને તાલીમની સગવડ પૂરી પાડશે

(C) શાળાના મકાન સહિત આધાર માળખું, શૈક્ષણિક સ્ટાફ અને ભણવાની સામગ્રી પૂરા પાડશે

(D) ઉપરની બધી ફરજો અદા કરશે

46 શાળા વ્યવસ્થા સમિતિમાં બાળકોના માતા–પિતા અથવા વાલીની સભ્ય સંખ્યા કેટલી રહેશે કે રાખવાની જોગવાઈ છે?

(A) 2/4 (B) 2/3 (C) 3/4 (D) 4/4

47 નિબંધલક્ષી પ્રશ્નની મર્યાદામાં કોનો સમાવેશ થાય છે?

(A) વસ્તુલક્ષી મૂલ્યાંકન થાય છે (B) આત્મલક્ષી મૂલ્યાંકન થાય છે

(C) છાપકામનું ખર્ચ વધારે આવે છે (D) નકલને પ્રોત્સાહન વધુ મળે છે

48 શિક્ષક વિદ્યાર્થીને 'મૂર્ખ' કહે તેને શું કહેવાય?

(A) સુદઢક (B) નકારાત્મક સુદઢક (C) હકારાત્મક સુદઢક (D) નકારાત્મક શાબ્દિક સુદઢક

49 ગુજરાત સરકારે કયા વર્ષને કન્યા કેળવણી વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યું હતું?

(A) 2002-04 (B) 2002-03 (C) 2001-02 (D) 2004-05

50 એકસેલમાં કોઈ સેલમાં લખેલ લખાણમાં ફેરફાર કરવા માટે કઈ ફંકશન કી નો ઉપયોગ થાય છે?

(A) F3 (B) F4 (C) F5 (D) F2

51 ઈ–મેઈલ મોકલવા કયું ઓપ્શન ઉપયોગમાં લેશો?

(A) INBOX (B) OUTBOX (C) SPAM (D) COMPOSE

52 વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાનું શ્રેષ્ઠ ધોરણ કયું છે?

(A) વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ગુણ (B) વિદ્યાર્થીનું વર્તન અને નિયમિતતા

(C) અભ્યાસેત્તર પ્રવૃતિમાં સામેલગીરી (D) ઉપરના બધા

53 બાળકનું સાચું શિક્ષણ કયું છે?

(A) જે સંકુચિત રાષ્ટ્રીય અભિગમ વિકસાવે (B) જે ધર્મ વિરોધી પણ વૈજ્ઞાનિક અભિગમ વિકસાવે

(C) જે બાળકમાં વૈશ્વિક અભિગમ વિકસાવે (D) જે સંસ્થાગત ધાર્મિક અભિગમ અપનાવે



Contd….

54 સફળ શિક્ષક કોને કહીશું?

(A) જે શિસ્તની બાબતમાં કડક હોય (B) જે વિદ્યાર્થીઓને વર્ગમાં પૂરતું મનોરંજન કરાવતો હોય

(C) જેની રજૂઆત કરવાની રીત પ્રભાવક હોય (D) જે–તે વિષયનું ઊંડુ જ્ઞાન હોય

55 વર્ગમાં નવો પાઠ ભણાવવાનું શરૂ કરતા પહેલા શિક્ષકે શું કરવું જોઈએ?

(A) આગળના પાઠ અંગે પ્રશ્નો પૂછવા જોઈએ

(B) નવા પાઠ સંબંધિત વિદ્યાર્થીઓને પૂર્વજ્ઞાન વિષે પ્રશ્નો પૂછવા જોઈએ

(C) નવો પાઠ સીધો શરૂ કરી દેવો જોઈએ

(D) જરૂરી બ્લેકબોર્ડ કાર્ય કરવું જોઈએ

56 વિદ્યાર્થીઓ વર્ગમાં ધ્યાન આપે તે માટે શું કરશો?

(A) તેમનામાં જીજ્ઞાસાવૃતિ જગાડવી (B) ભણાવવાના પાઠની બરોબર તૈયારી કરવી

(C) ધ્યાન ના આપતા વિદ્યાર્થીને શિક્ષા કરવી (D) વર્ગમાં મોટેથી બોલવું

57 વ્યાવસાયિક માર્ગદર્શન શા માટે જરૂરી છે?

(A) વ્યવસાયો ખુબ વધારે હોવાથી

(B) વ્યાવસાયિક જગતની માહિતી મળે તે માટે

(C) વિદ્યાર્થીઓ પોતાની પસંદગીનો વ્યવસાય પસંદ કરી શકે તે માટે

(D) વિદ્યાર્થીઓ પોતાના રસનો વ્યવસાય પસંદ કરી શકે તે માટે

58 વિદ્યાર્થી સાચા જવાબો આપે તે માટે કઈ બાબત શિક્ષકને સહાયરૂપ બનશે?

(A) કાળું પાટિયું (B) શિક્ષા (C) પુસ્તક વાંચન (D) ઓડિયો–વિઝયુઅલ સહાય

59 જો વિદ્યાર્થી ગૃહકાર્ય ન કરતો હોય તો શું કરશો?

(A) ગૃહકાર્ય કરવા પ્રેરણા આપશો (B) વિદ્યાર્થીની ક્ષમતા પ્રમાણે ગૃહકાર્ય આપશો

(C) ગૃહકાર્યનું મહત્વ આપશો (D) ગૃહકાર્ય ન કરવાનું કારણ જાણવાનો પ્રયાસ કરશો

60 કઈ કહેવત શૈક્ષણિક બાળ મનોવિજ્ઞાનના સિદ્ધાંતોની વિરૂદ્ધની નથી?

(A) સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમ (B) મહેતો મારેય નહીં ને ભણાવેય નહીં

(C) કુમળો છોડ વાળે તેમ વળે (D) ભણ્યો ભૂલે ને તારો ડૂબે

61 બાળક અને શિક્ષકની આત્મીયતા માટે શું જરૂરી છે?

(A) સહભાગીદારી (B) વિશ્વાસ (C) શિક્ષણ (D) અભ્યાસ

62 શિક્ષક માટે સંશોધન કેમ જરૂરી છે?

(A) શિક્ષણના જ્ઞાનની ક્ષિતિ વિકસે છે (B) શિક્ષક સતત અભ્યાસુ રહી શકે છે

(C) શિક્ષક પોતાના કામમાં વ્યસ્ત રહી શકે છે (D) ઉપરોક્ત બધા

63 તમે વિદ્યાર્થીઓને પુસ્તકાલયનો ઉપયોગ કરવા કઈ રીતે તૈયાર કરશો?

(A) પુસ્તકોના મહત્વ વિશે વ્યાખ્યાન આપીને

(B) વિદ્યાર્થીઓને ઘરે પુસ્તકો વાંચવા આપીને

(C) તમે વિદ્યાર્થીઓ સાથે પુસ્તકાલયમાં પુસ્તકો વાંચશો

(D) તમે ફ્રી પીરીયડમાં વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં લઈ જશો

64 વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવાનો ફાયદો કયો છે?

(A) આત્મવિશ્વાસ પેદા કરવાનો (B) સશક્તિકરણની ભાવના

(C) પ્રોત્સાહન આપવાનો (D) ઉપરના બધા

65 બાળકોનું શિક્ષણ............

(A) તેમની પ્રકૃતિને અનુરૂપ હોવું જોઈએ (B) તેમના માનસિક વિકાસને અનુરૂપ હોવું જોઈએ

(C) તેમની માનસિક ક્રિયાવિધિને અનુરૂપ હોવું જોઈએ (D) ઉપરના બધા

66 અધ્યયન એક એવી પ્રક્રિયા છે કે જે બાળકના જીવનનાં......

(A) આરંભમાં ચાલે છે (B) યુવાવસ્થા સુધી ચાલે છે

(C) જીવનપર્યંત ચાલે છે (D) વૃદ્ધાવસ્થા સુધી ચાલે છે

67 અધ્યયન અધ્યાપન પ્રક્રિયાનું કેન્દ્રબિંદુ કયું છે?

(A) શિક્ષક (B) વિદ્યાર્થી (C) વિષય (D) ઉપરના બધા

68 સારો શિક્ષક સામાન્ય રીતે...........

(A) વિદ્યાર્થીને ભૂલો કરવા દે છે અને ભૂલો ઓછી કરવા સમજાવે છે

(B) વિદ્યાર્થીઓને ક્યારેય ભૂલ કરવા દેતો નથી

(C) વિદ્યાર્થીઓ ભૂલ ન કરે તે માટે બધા પ્રકારની સાવચેતી રાખે છે

(D) ભૂલો કરનાર વિદ્યાર્થીને હળવી સજા કરે છે

69 મૂલ્યાંકન દ્વારા કઈ માહિતી પ્રાપ્ત થાય છે?

(A) વિદ્યાર્થીઓની બુદ્ધિનો ખ્યાલ આવે છે

(B) શિક્ષક અને વિદ્યાર્થીના વ્યક્તિત્વના વિવિધ પાસાઓનો ખ્યાલ આવે છે

(C) વિદ્યાર્થીઓના આચરણ અને મૂલ્યોનો ખ્યાલ આવે છે

(D) એકપણ નહીં

70 અનાત્મલક્ષી પ્રશ્નોનો મુખ્ય દોષ કયો છે?

(A) વિશ્વસનીયતા (B) ભાવ રજૂઆતની અસમર્થતા (C) યથાર્થતા (D) અનાત્મલક્ષીતા

71 શિક્ષકે આપેલ ઉદાહરણો પરથી બાળક નિરીક્ષણ, તુલના અને સામાન્યીકરણ કરે છે, આ પદ્ધતિને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) આગમન (B) નિગમન (C) નિદર્શન (D) પ્રશ્નોત્તરી

72 શિક્ષણની સૌથી ઉત્તમ પદ્ધતિ કઈ છે?

(A) વ્યાખ્યાન (B) પ્રશ્નોત્તરી (C) પ્રોજેક્ટ (D) પ્રવાસ

73 વિદ્યાર્થીની અધ્યયન મુશ્કેલીનો સૌથી અસરકારક ઉકેલ કયો છે?

(A) સખત મહેનત માટેનું સૂચન (B) પુસ્તકાલયમાં નિરીક્ષિત અભ્યાસ

(C) ખાનગી ટયૂશન માટેનું સૂચન (D) નિદાનાત્મક અધ્યાપન

74 વર્ગમાં શિક્ષકે પૂછેલ પ્રશ્નનોનો હેતુ શો હોઈ શકે?

(A) વિદ્યાર્થીને કાર્યરત રાખવા (B) શિસ્ત જાળવવું

(C) વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રીકરણ કરવું (D) શીખવવું

75 સફળ શિક્ષકની ઓળખ કઈ છે?

(A) વિદ્યાર્થીઓની ઉચ્ચ સિદ્ધિ (B) તેના વ્યક્તિત્વના સારા ગુણો

(C) સારુ અધ્યાપન (D) સારુ ચારિત્ર્ય

76 રમેશ એ મહેશ કરતાં ઊંચો છે, મહેશ એ સુરેશ કરતા ઊંચો છે. રમેશ એ સૌથી ઊંચો છે. આ વિધાન કયા પ્રકારનો તર્ક સૂચવે છે?

(A) આગમન તર્ક (B) નિગમન તર્ક (C) સુરેખ તર્ક (D) અભિસંધિત તર્ક

77 'ધ્યાન કેન્દ્રિકરણ' ના ઉદ્દીપકોના અનુસંધાનમાં કયું વિધાન ખોટું છે?

(A) દરેક પ્રકારના ઉદ્દીપકો સમાન કક્ષાનું ધ્યાન કેન્દ્રિકરણ ઉત્પન્ન કરતા નથી

(B) ધ્યાન કેન્દ્રિકરણ કરવા માટે હંમેશા નાવિન્યપૂર્ણ ઉદ્દીપકનો ઉપયોગ કરવો જોઈએ

(C) ગતિમાન ઉદ્દીપક ઝડપથી ધ્યાન કેન્દ્રિકરણ કરે છે



Contd….

(D) ઉદ્દીપકોનું વારંવાર પુનરાવર્તન ધ્યાન કેન્દ્રિકરણ કરે છે

78 શિક્ષક–આયોજનનું શું મહત્વ છે?

(A) વિદ્યાર્થીઓનું અધ્યયન વધે છે (B) અચોક્કસતાને ઘટાડે છે

(C) આયોજન એ સર્જનાત્મક સમસ્યા–ઉકેલ પ્રક્રિયા છે (D) ઉપરના તમામ

79 અધ્યયન–અધ્યાપન એકબીજા સાથે કઈ રીતે જોડાયેલ છે?

(A) અધ્યયન એ અધ્યાપનની નીપજ છે (B) અધ્યાપન એ અધ્યયનનું અંતિમ બિંદુ છે

(C) અધ્યયન–અધ્યાપન પરસ્પર જોડાયેલ નથી (D) એકપણ નહીં

80 જોડાણવાદી મનોવૈજ્ઞાનિકોના મતે અધ્યયન કઈ રીતે થાય છે?

(A) બે એકમોની સરખામણી કરીને (B) બે વિચારો વચ્ચેનો તફાવત શોધીને

(C) બે પરિબળો સાથે ભેગા થવાથી (D) ઉપરના તમામ

81 નીચેના પૈકી કયુ વિધાન અધ્યયનના 'માનસિક શિસ્ત–સિદ્ધાંત' સાથે જોડાયેલ છે?

(A) બાળક જેમ મોટુ થાય તેમ તે પર્યાવરણમાંથી શીખે છે

(B) બાળક કુદરતી વૃત્તિઓ અનુસાર પોતાની મેળે શીખે છે

(C) અમુક ચોક્કસ વિષયો થકી વિદ્યાર્થીની માનસિક શિસ્ત ઘડવી

(D) ઉપરના તમામ

82 નીચેના પૈકી કયુ વિધાન નિમ્ન ક્ષમતાવાળા વિદ્યાર્થીઓના વર્ગ માટે સાચુ છે?

(A) શિક્ષકો વિદ્યાર્થી પાસેથી સિદ્ધિની ઊંચી અપેક્ષા રાખે છે (B) અધ્યાપનની ઝડપ ઓછી હોય છે

(C) અધ્યયનની ઝડપ વધારે હોય છે (D) વિદ્યાર્થીની સિદ્ધિ વધારે હોય છે

83 નીચેના પૈકી વિદ્યાર્થીઓની સિદ્ધિ પર ગૃહકાર્યની અસર ક્યારે વધારે થાય છે?

(A) નાવિન્યપૂર્ણ ગૃહકાર્ય આપવું (B) વિદ્યાર્થી પર વિશ્વાસ રાખી ગૃહકાર્ય ન ચકાસવું

(C) ગૃહકાર્ય નિયમિત ચકાસવું (D) એકપણ નહીં

84 નીચેના પૈકી કઈ બાબત અધ્યયન તત્પરતામાં વધારો કરે છે?

(A) બાળકનું આકાંક્ષાસ્તર તેની ક્ષમતાઓને અનુરૂપ હોય

(B) બાળકે અગાઉ કરેલ યોગ્ય વર્તનો માટે તેને યોગ્ય બદલો મળ્યો હોય

(C) કાર્ય માટેની આંતરિક કે બાહ્ય પ્રેરણા ઊંચી હોય

(D) ઉપરના તમામ

85 નીચેના પૈકી કઈ બાબત શિક્ષક–વિદ્યાર્થી વચ્ચે સૌથી વધારે પ્રત્યક્ષ આંતરક્રિયા કે પ્રત્યાયન દર્શાવે છે?

(A) બ્લેકબોર્ડ પરનું લખાણ (B) જૂથચર્ચા (C) રેડિયો પર વ્યાખ્યાન (D) બુલેટીન બોર્ડ

86 નીચેના પૈકી કઈ પ્રયુક્તિ અધ્યેતાની પ્રારંભિક સ્થિતિ જાણવામાં મદદ કરે છે?

(A) બુદ્ધિ કસોટી (B) નિદાન કસોટી (C) કૌશલ માપન (D) ઉપરના તમામ

87 જ્ઞાનાત્મક વિકાસ માટે કઈ બાબત સૌથી વધારે મહત્વની છે?

(A) લેખન કૌશલ (B) ભાષા (C) લાગણી (D) એકપણ નહીં

88 બાળક સ્વ–વાતચીતનો ઉપયોગ ક્યારે કરે છે?

(A) સમસ્યા ઊકેલવા (B) વર્તનને નિયંત્રિત કરવા (C) આયોજન કરવા (D) ઉપરના તમામ

89 સમસ્યાના 'ધ્યેય' તરફથી ઊકેલની વિચારણા કરવાની યોજનાને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) સમસંબંધાત્મક વિચાર (B) ઉપાય વિશ્લેષણ યોજના

(C) ઊલટો–ક્રમ યોજના (D) એકપણ નહીં

90 સર્જનાત્મક વિચાર કૌશલ માટે કઈ બાબત સૌથી મહત્વની છે?

(A) અંતઃસૂઝ ક્ષમતા (B) ઊંચો બુદ્ધિઆંક (C) ઊંચી સિદ્ધિ (D) તર્કશકિત

91 બ્રેઈન/સટોર્મિંગનો મુખ્ય સિદ્ધાંત શો છે?

(A) વિચાર ઉત્પન્ન કરવાની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિકરણ

(B) વિચાર ઉત્પન્ના કરવાની પ્રક્રિયાના મૂલ્યાંકન પર ધ્યાન કેન્દ્રિકરણ

(C) વિચારોની આપ–લે

(D) ચર્ચા વિચારણા કરવી

92 ભાવાત્મક વિકાસના મૂલ્યાંકન માટેનું પ્રથમ સોપાન કયું છે?

(A) ભાવાત્મક હેતુઓ નક્કી કરવા

(B) ભાવાત્મક કૌશલ ધરાવતા બાળકના લક્ષણો નક્કી કરવા

(C) ભાવાત્મક કૌશલ પ્રક્રિયાને વ્યાખ્યાયિત કરવી

(D) ભાવાત્મક કૌશલને વ્યકત કરતા વર્તનોનું મૂલ્યાંકન કરવું

93 અધ્યયન એ શું છે?

(A) પ્રક્રિયા (B) નીપજ (C) વર્તન પરિવર્તન (D) વર્તન સુધારો

94 'અવાજ' ના સંવેદન સાથે જોડાયેલ કઈ પ્રક્રિયા પ્રત્યક્ષીકરણ દર્શાવે છે?

(A) આસપાસના અવાજ સાંભળવા

(B) આસપાસના અવાજો પૈકી શિક્ષકના અવાજને ઓળખવો

(C) આસપાસના અવાજોનો સંદેશો મગજ સુધી પહોંચાડવો

(D) એકપણ નહીં

95 અધ્યયન સફળતા કે નિષ્ફળતાની સ્પષ્ટતા માટે નીચેના પૈકી કયા સ્પષ્ટીકરણનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) ક્ષમતા (B) પ્રયત્ન (C) કાર્યની કઠિનતા (D) ઉપરના તમામ

96 તાલીમ કયારે સફળ થતી નથી?

(A) શીખવા માટેની તત્પરતાનો સમય નીકળી જાય ત્યારે (B) આનુવંશિકતાની મર્યાદાઓને કારણે

(C) શીખવા માટે પરિપકવતા પ્રાપ્ત ન થયેલી હોય ત્યારે (D) ઉપરના તમામ

97 અભિયોગ્યતા એ શું નથી?

(A) અત્યારની સ્થિતિ (B) વ્યકિતની મૂળભૂત શકિત (C) કૌશલ નૈપુણ્ય (D) ઉપરના તમામ

98 ચોક્કસ પરિસ્થિતિ અને ચોક્કસ વર્તનો વચ્ચેનો સંબંધ વારેવાર બાંધવાની પ્રક્રિયાને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) પુનરાવર્તન (B) વલણ (C) તત્પરતા (D) સામેલગીરી

99 'શિક્ષા' એ –

(A) હકારાત્મક સુદૃઢક નથી (B) નકારાત્મક સુદૃઢક નથી (C) પ્રાથમિક સુદૃઢક છે (D) ઉપરના તમામ

100 મોબાઈલ નંબર યાદ રાખવા વિદ્યાર્થી તેના ટુકડા કરે છે અહીં તે કયા નિયમનો ઉપયોગ કરે છે?

(A) સરખાપણા (B) નિકટતા (C) સામાન્ય દિશાસૂચન (D) એકપણ નહીં



Contd….

# SPACE FOR ROUGH WORK

પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્ર અને ઉત્તરપત્ર ખંડ નિરીક્ષકને પરત
કરવાના રહેશે. પ્રશ્નપત્ર જમા ન કરાવનાર પ્રવેશ માટે ગેરલાયક ઠરશે.